પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૯, બુધવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નફરતની રાજનીતિ ખતમ કરાશે: રાહુલ

## મોદી પીડિત નથી, જનતા છે : સોનિયા : વર્કિંગ કમિટીની બેઠકમાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીએ મોદી ની નીતિઓ અને ભાજપની નફરતની રાજનીતિ પર પ્રહારો : મનમોહનસિંહે મોદી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી

ગાંધીનગર, તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના અધ્યક્ષ અમિત શાહના ગઢ એવા ગુજરાતમાં કોંગ્રેસે લોકસભાની ચૂંટણીના પ્રચારનો પ્રારંભ કર્યો છે. પાર્ટીની વર્કિંગ કમિટીની બેઠકમાં યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીએ મોદી ની નીતિઓ અને ભાજપની નફરતની રાજનીતિ પર પ્રહારો કર્યા હતા. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે મોદી સરકારની આર્થિક નીતિઓની ટીકા કરી હતી અને પાર્ટીના અધ્યક્ષ રાહુલ ગાંધીએ નફરત અને ગુસ્સાની રાજનીતિ ખતમ કરવાનું વચન આપ્યું છે.

આ બેઠકમાં આરએસએસ અને ભાજપના ફાંસીવાદની વિચારધારા, નફરત, ગુસ્સા અને વિભાજનની વિચાધારાને પરાજીત કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત લોકસભાની ચૂંટણી જીતવા માટેની સ્ટેટેજી બનાવવામાં આવી હતી.




મનમોહનસિંહે કહ્યું હતું કે યુપીએ સરકારની સિદ્ધિઓ લોકો સુધી પહોંચાડવાની જરૂર છે, કારણ કે યુપીએ સરકારે એનડીએ સરકાર કરતાં સારા કામો કર્યા છે. મોદી સરકારની ખરાબ આર્થિક નીતિના કારણે અર્થવ્યવસ્થા પડી ભાંગી છે. મોદીની સરકાર દેશમાં વિકાસનો જૂઠો પ્રચાર કરી રહી છે. મોદી સરકીરે નોટબંધી અને જીએસટીનો ઉતાવળે અમલ કરીને દેશની તમામ જનતાને પાયમાલીમાં ધકેલી દીધી છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે મોદી રાષ્ટ્રના હિતના ભોગે રાજનીતિ કરી રહ્યાં છે. મોદી પિડીત બનાવવાનો પ્રયાસ કરે છે પરંતુ પિડીત તો દેશની જનતા છે. પુલવામા આતંકી હુમલાનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું કે સત્તાના ફાયદા માટે આતંકી હુમલામાં રાજકારણ કરવામાં આવે છે જે દુર્ભાગ્યપૂર્ણ છે.

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતમાં ભાજપને હરાવવાથી મોટું કોઈ બલિદાન નથી. પાર્ટીની બેઠકમાં પુલવામા આતંકીના શહીદોને અંજલિ આપવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધી આશ્રમ ખાતે પ્રાર્થના સભામાં કોંગી નેતાઓ જોડાયા



## રાહુલ, સોનિયા ગાંધી, મનમોહનસિંહ જોડાયા : ગાંધી પરિવારે મહાત્મા ગાંધીજીને સૂતરની આંટી પહેરાવી સ્મરણાંજલિ અર્પી

અમદાવાદ, તા.૧૨

આજના તા.૧૨ માર્ચના દાંડી યાત્રાના ઐતિહાસિક દિવસે રાજ્યમાં ૫૮ વર્ષ બાદ યોજાનારી વર્કિંગ કમિટીની બેઠક અને અડાલજની જન સંકલ્પ રેલીમાં જોડાવા કોંગ્રેસના ટોચના નેતાઓ આજે સવારે અમદાવાદ આવી પહોંચ્યા હતા. ગાંધી આશ્રમ ખાતે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ડો.મનમોહનસિંહ, પ્રિયંકા ગાંધી સહિતના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓએ પૂજ્ય મહાત્મા ગાંધીની પ્રતિમાને સૂતરના હાર-આંટી પહેરાવીને સ્મરણાંજલિ અર્પી હતી અને ત્યારબાદ તેઓ પ્રાર્થના સભામાં જોડાયા હતા. દાંડી કૂચના ઐતિહાસિક દિને ગાંધી આશ્રમમાં આજે યોજાયેલી પ્રાર્થનાસભામાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની હાજરી સૂચક બની રહી હતી. પ્રાર્થના સભા દરમ્યાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ, રઘુપતિ રાઘવ રાજા રામ, પતિત પાવન સીતારામ સહિતના ભજનોને જાદુ પાથર્યો હતો. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની

● અનુસંધાન પાન-૭ પર

# હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયા

## રાહુલે હાર્દિક પટેલને કોંગ્રેસનો ખેસ પહેરાવ્યો : હાર્દિકના કોંગ્રેસમાં જોડાયા બાદ ભાષણમાં ભાજપ-મોદી સરકાર પર પ્રહારો



અમદાવાદ,તા. ૧૨

પાટીદાર અનામત આંદોલનથી ચર્ચાસ્પદ અને વિવાદાસ્પદ ચહેરો બનેલો હાર્દિક પટેલ આખરે કોંગ્રેસમાં જોડાઈ ગયો છે. અમદાવાદ ખાતે કોંગ્રેસ મહાસમિતિની (સીડબલ્યુસી) બેઠક પ્રસંગે વિધિવત્ રીતે હાર્દિકનો કોંગ્રેસમાં પ્રવેશ થયો હતો. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ હાર્દિક પટેલને ખેસ પહેરાવી તેને કોંગ્રેસમાં આવકાર આપ્યો હતો. કોંગ્રેસમાં જોડાયા બાદ હાર્દિક પટેલે અડાલજ ત્રિમંદિર ખાતેની વિશાળ જનસભાને

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### મુનમુન સેન આસનસોલથી ચુંટણી લડશે

લોકસભા ચુંટણી માટે ટીએમસીના સુપ્રિમો મમતા બેનર્જીએ ઉમેદવારોના નામોની જાહેરાત કરી દીધી છે. ટીએમસીએ ૪૦ ટકા મહિલાઓને ટીકીટ આપી છે. બંગાળની લોકપ્રિય અભિનેત્રી મુનમુનસેનને આસાનોલ બેઠકથી ટીકીટ આપવામાં આવી છે.

### મોંઘવારી દર ત્રણ માસના ઉચ્ચ સ્તરે

ફેબ્રુઆરીમાં મોંઘવારી દર ફરી એકવાર વધીને ત્રણ માસની ઉચ્ચતમ સપાટી પર પહોંચી ગયો છે. આ સાથે જ ઔદ્યોગિક ઉત્પાદન દરમાં કમી આવી છે. છૂટક મોંઘવારી ૨.૫૭ ટકાના દરે પહોંચી ગઈ છે.

### વાહનો દ્વારા વધુ પ્રદૂષણ : સુપ્રિમ કોર્ટ

સુપ્રિમ કોર્ટે એક સુનવણી દરમિયાન કહ્યું છે કે દેશમાં ફટાકડાઓના કારણે જે પ્રદૂષણ ફેલાય છે તેના કરતા અનેકગણું પ્રદૂષણ વાહનો દ્વારા ફેલાય છે. દેશભરમાં ફટાકડાના ઉપયોગ પર પ્રતિબંધ મામલે સુપ્રિમમાં સુનવણી ચાલી રહી છે.

### ભીમ આર્મી પ્રમુખની ધરપકડ

ઉત્તરપ્રદેશના સહારનપુરમાં ભીમ આર્મીના સંસ્થાપક ચંદ્રશેખરની પોલીસે ધરપકડ કરી છે. ચંદ્રશેખરની ધરપકડના વિરોધમાં ભીમ આર્મીના કાર્યકર્તાઓએ સહારનપુર મુઝફ્ફરનગર સ્ટેટ હાઈવે જામ કરી દીધો હતો.

### પાક-ચીન સરહદ પર વિમાનો માટે શેલ્ટર

ક્રોસ બોર્ડર ફાયરીંગ અને મિસાઈલ હુમલાઓથી વાયુસેનાના ફાઈટર પ્લેનને બચાવવા માટે સરકારે પાકિસ્તાન અને ચીનની સરહદ નજીક ૧૧૦ મજબૂત શેલ્ટર બનાવાની મંજૂરી આપી છે. આ પ્રોજેકટ પાછળ ૫૦૦૦ કરોડ રૂ.નો ખર્ચ થશે.

# બસપા કોઈ પણ રાજ્યમાં કોંગ્રેસ સાથે ગઠબંધન નહિ કરે : માયાવતી

લખનઉ,તા.૧૨

બહૂજન સમાજ પાર્ટીએ કોઈપણ રાજ્યમાં કોંગ્રેસ સાથે ગઠબંધન નહી કરવાની જાહેરાત કરી છે. ર્જી પ્રમુખ માયાવતીએ સ્પષ્ટતા કરી છે કે, તેમની પાર્ટી લોકસભાની ચૂંટણી માટે કોઈ પણ રાજ્યમાં કોંગ્રેસ સાથે ગઠબંધન નહી કરશે.

ર્જી તરફથી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અખિલ ભારતીય સ્તરની બેઠક બાદ પ્રેસ રિલીઝમાં આ જાણકારી આપવામાં આવી કે, મીટિંગમાં દરેક રાજ્યોના પાર્ટી પ્રમુખ અને સિનિયર પદાધિકારીઓ સાથે પહેલા અલગ-અલગ અને બાદમં એકસાથે બેઠક કરી ચૂંટણીની તૈયારીઓ, ઉમેદવારોની પસંદગી અને તેમના સંબંધિત પ્રદેશોની હાલની સ્થિતી પર વિચાર કરી આગળની રણનીતિ બનાવી છે.

બેઠકમાં ફરી સ્પષ્ટ કરવામાં આવ્યુ છે કે, બસપા કોઈ પણ રાજ્યમાં કોંગ્રેસ પાર્ટી સાથે કોઈ પણ પ્રકારની ચૂંટણી સમજૂતી અથવા તાલમેલ કરી આ ચૂંટણી નહી લડે. પ્રેસ રિલિઝ મુજબ માયાવતીએ જણાવ્યું કે, બસપા અને સપા ગઠબંધન બંન્ને તરફથી પરસ્પર સમ્માન અને પૂર્ણ નેક-નિયતી સાથે કામ કરી રહી છે અને ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ તથા મધ્યપ્રદેશમાં આ ફાસ્ટ અને પરફેકટ અલાયન્સ માનવામાં આવી રહ્યું છે.





